એબીવીપી થરાદની એપીએમસી ખાતે નગર ટીમની નવિન ઘોષણા

નગરમંત્રી તરીકેની જવાબદારી રાજેશભાઈ જોષીને અપાઈ

થરાદ તા.૧૧

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ વિદ્યાર્થી અને રાષ્ટ્રના હિતમાં કાર્ય કરે છે ત્યારે ૨૪મી જુલાઈના રોજ થરાદ એપીએમસી ખાતે વર્ષ ૨૦૨૩- ૨૪ ની નવિન નગર ટીમની રચના કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જેમાં દીપ પ્રાગટ્યથી કાર્યક્રમના થયેલ શુભારંભમાં બનાસકાંઠા જિલ્લા સંયોજક સુહાસભાઈ સોનીએ એબીવીપીની કાર્યપ્રણાલી સમજાવ્યા બાદ ભાગ સંયોજક હિતેષભાઈ દેસાઈએ વિધિવત રીતે નગર ઘોષણા કરી હતી. આ અંગે વધુ પૂરક વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના સંવાદદાતા રાજેશ જોષી નો અહેવાલ જણાવે છે કે,એબીવીપી થરાદના નગરમંત્રી પદે રાજેશભાઈ જોષી (નાનોલ), નગર સહમંત્રી પદે ભવાનસિંહ સોઢા, અજમલભાઈ ચૌધરી, નગર કાર્યાલય મંત્રી પદે સેધાભાઈ ચૌધરી, નગર કોષાધ્યક્ષ પદે અરવિંદભાઈ પુરોહિત ભુરીયા સહિત વિવિધ જવાબદારીઓ સોંપી નવિન ટીમને શુભેચ્છા પાઠવી હતી. પ્રસંગે જીલ્લા સંયોજક, ભાગ સંયોજક સહિત નવિન નગરમંત્રી અને ટીમના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

મહિયલ ખાતે ખુલ્લી જગ્યામાં તીન પત્તીનો જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા

તલોદ, તા. ૧૧

તલોદ તાલુકાના મહિયલ ખાતે આવેલ ચામુંડા સોસાયટી ની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં તીન પત્તી નો જુગાર રમતા ચાર ઈસમો વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી અટકાયત કરી ૧૮૨૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું જાણવા મળે છે. આ અંગે મળતી માહિતી મુજબ તલોદ તાલુકાના મહિયલ ગામે આવેલ ચામુંડા સોસાયટી ની પાછળ આવેલ ખુલ્લા મેદાન માં કેટલાક ઈસમો ગોળ કુંડાળું કરી

તીન પત્તી નો જુગાર રમતા હોવાની બાતમી તલોદ ટાઉન જમાદાર મુકેશ સિંહ ને મળતા તેઓએ સ્ટાફ સાથે જઈ રેડ કરતા ગોળ કુંડાળું કરી જુગાર રમી રહેલા કાળા ભાઈ શિવાભાઈ રાવળ, જિગર ભાઈ શકરભાઈ રાવળ, અમિત ભાઈ નટવર ભાઈ સોલંકી અને અજયભાઈ કાળાભાઈ રાવળ તમામ રહે મહિયલ તા તલોદ ને ઝડપી લઈ ૧૮૨૦ રૂપિયા ની રોકડ કબજે લઈ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હોવાનું જાણવા મળે છે.

આર આર મહેતા કૉલેજ ઓફ સાયન્સ અને સી. એલ. પરીખ કૉલેજ ઓફ કોમર્સ પાલનપુરમાં બેસ્ટ ફ્રોમ વેસ્ટ સ્પર્ધા યોજાઈ

પાલનપુર તા.૧૧

બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ની સોસાયટી ફ્રોમ બડીંગ બાયોલિજી સ્ટ દ્વારા તા ૪ ઑગસ્ટ નાં રોજ બેસ્ટ ફ્રોમ વેસ્ટ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું કે જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને વેસ્ટ મટીરીયલ નો ઉપયોગ કરીને ઘણી બધી અવનવી રોજિંદા જીવન માં ઉપયોગ માં આવે તેવી વસ્તુઓ બનાવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,કાર્યક્રમ દરમ્યાન બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ ના કારોબારી સમિતિ નાં સેક્રેટરી સેક્રેટરી શ્રી સુનીલભાઈ શાહ , વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રમેશ ચંદ્ર શાહ, તથા સભ્ય શ્રી રાજેશ વકીલ, શ્રી મેહુલ પટેલ , શ્રી પુષ્કર ભાઈ પટેલ, શ્રી હર્ષ વકીલ, ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી અપૂર્વભાઈ તથા આસિસ્ટન્ટ ડાયરેક્ટર ડૉ. કે ડી સામલ હજાર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કોલેજ ના પ્રિન્સીપલ શ્રી ડૉ. યોગેશ ડબગર વિદ્યાર્થીઓએ કઈ રીતે નવા વિચારો તરફ આગળ વધી ઈનોવેટિવ કાર્ય કરવું અને ઉત્સાહ પૂર્વક કાર્યક્રમ માં ભાગ લેવો તે વિષય પર ભાર મૂકી આશીર્વચન આપ્યા. આ કાર્યક્રમ માં ડૉ. મુકેશભાઈ પટેલ, ડૉ. અંકિતા ચૌધરી, ડો. અમી પટેલ ઉપસ્થિત રહ્યા. સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે શ્રી હરેશભાઈ ચૌધરી તથા શ્રી સાગર નાઈ એ ફરજ બજાવી હતી . સમગ્ર કાર્યક્રમ ના આયોજન માં ટી. વાય. બોટની ના વિદ્યાર્થીઓ તથા વિધાર્થિનીઓ નું મહત્વ નું યોગદાન રહ્યું. સમગ્ર કાર્યક્રમ નું આયોજન અને સંચાલન બોટની વિભાગ ના પ્રાધ્યાપકો ડૉ. ધ્રુવ પંડ્યા, ડૉ. હરેશ ગોંડલિયા તથા કુ. અંકિતા કુગશિયા દ્વારા કરવામાં આવ્યું.

ભારત દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી ના એક વિચારે આજે સમગ્ર ભારત દેશને રાષ્ટ્રભક્તિ માં લીન કરી દીધું છે. મા.વડાપ્રધાન દ્વારા આખા ભારત માં ચાલી રહેલા આઝાદીના કા અમૃત મહોત્સવ નિમિતે આજ રોજ ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા અમૃત સરોવર પર મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ ની ઉત્સાહ અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ દેશભક્તિ કાર્યક્રમ માં પ્રકાશ ફેલાવવા માટે ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી હેમલત્તા બેન પટેલ, ડે.સરપંચ શ્રી કાર્તિકભાઈ પટેલ, ગ્રામપંચાયત ના વોર્ડ ના સભ્યશ્રી ઓ, ગ્રામ પંચાયત ના અન્ય કર્મચારી, ધનસુરાના પ્રિય ગ્રામજનો,મામલતદાર કચેરી પરિવાર,તાલુકા પંચાયત પરિવાર, ઉપસ્થિત રહ્યા હતા. આ ગૌરવપૂર્ણ કાર્યક્રમ માં દેશ માટે પોતાની યુવા અવસ્થા સરહદ પર વિતાવી હોય તેવા ધનસુરા ગામના વયનિવૃત્ત જવાનો દ્વારા ધ્વજવંદન,અને તકતી નું અનાવરણ કરવામાં આવ્યું.અને દેશ માટે પોતાનું અને પોતાના પરિવાર નું બલિદાન આપી દેશ ને આઝાદી અપાવનાર સ્વાતંત્ર્ય સેનાની,ક્રાંતિકારીઓ ના બલિદાન ને યાદ કરવામાં આવ્યા.

માનવ સેવા સમિતિ ડીસા દ્વારા વિવિધ ધાર્મિક તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે આજરોજ શ્રી તાલુકા પે. કેન્દ્ર શાળા ડીસા કે જ્યાં આજરોજ ગ્રીનીજ ઓફ વર્લ્ડ રેકોર્ડ મિશન એજ્યુકેશન માનવસેવા સમિતિ ડીસા દ્વારા શાળાના તમામ બાળકોને નોટબુક ચોપડાઓ પેન્સિલ તેમજ બોલપેન આપવામાં આવી આ પ્રસંગે ગુરુદેવ બાયજી જેવો એ જણાવ્યું કે સમયની સાથે તેમજ કોમ્પ્યુટર ને મોબાઈલ યુગની સાથે ખૂબ જ અભ્યાસ કરી અને આગળ વધવું પડશે અને શાળાએ નિયમિત આવવું પડશે તેવી સમજ આપી આ પ્રસંગે શાળાના આચાર્ય અમૃતભાઈ મકવાણા એ આવેલા મહેમાનો નો આભાર વ્યક્ત કર્યો તેમ જ શાળા પરિવારે આનંદની લાગણી વ્યક્ત કરી કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યું બાળકો ખૂબ જ ખુશ થયા.

તલોદમાં સિવિલ હોસ્પિટલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન

તલોદ, તા. ૧૧

પવિત્ર અધિક શ્રાવણ માસ ને લઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ના સ્ટાફ ને રક્તદાન કરવાનું આહવાન સાથે અન્ય તલોદ ના લોકોને પણ રક્તદાન કરવા માટે આહવન કરી રક્તદાન કેમ્પનું આયોજન ગેમ્સ મેડિકલ કોલેજ તથા સી.એચ.સી ના સહયોગ થી કરવામાં આવ્યું. જેમાં કુલ ૩૨ રક્ત ની બોટલ એકત્રિક થઈ જેમાં ૧૨ બોટલ રક્ત સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિકારી તથા કર્મચારીઓ એ આપ્યું હતું . આ પ્રસંગે માનનીય ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર , તલોદ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. વિનોદ મુગટ ,અધિક્ષક ડૉ. જતીન પટેલ, બંસીધરભાઈ મહેતા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ૩૨ જેટલી બોટલો નુ બ્લડ મળી આવ્યું હતું આ બ્લડ એકઠું કરી બીજા ના જીવન માં ઉપયોગ બને અને તેનો જીવ બચી શકે તે હેતુ સર આવા કાર્યક્રમો કરવામાં આવતા હોય છે.

જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસા દ્વારા લોધા પરિવારનું સન્માન

ડીસા, તા. ૧૧

જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસા દ્વારા ૨૬૪ મા ગુરૂવારે પૂજ્ય જલારામ બાપાનાં ભજન કાંતિભાઈ બાબુલાલ લોધાના નિવાસસ્થાને રાખવામાં આવ્યાં હતાં.આ અવસરે ખૂબ મોટી સંખ્યામાં હરિભકતો, ગૌભકતો ઉપસ્થિત રહ્યા હતા.ગૌસેવા હેતુ માટે ૫૦૦૦૦(પચાસ હજાર) રૂપિયા એકત્રિત થયા હતા.હરિદ્વાર કથા સંપન્ન કરી પધારેલ સૌ યાત્રિકોને સન્માનિત કરાયા હતા. આ પવિત્ર અવસરે યજમાન લોધા પરિવારના સર્વ બાબુભાઈ, શાંતાબેન, રમેશભાઈ, ગીરધરભાઈ, મનુભાઈ, કાંતિભાઈ, અરવિંદભાઈ, હરેશભાઈ સહિત સમગ્ર પરિવારને જલારામ દર્શન ગ્રંથ તેમજ પૂજ્ય જલારામ બાપાના મોમેન્ટો દ્વારા દબદબાભેર સન્માનિત કરવામાં આવ્યું હતું. જલારામ સત્સંગ મંડળ ડીસાના સર્વ કનુભાઈ આચાર્ય, યશવંત શાસ્ત્રીજી મહારાજ,આત્મારામભાઈ ઓઢાવાળા, શશીકાંતભાઈ ડી.ઠકકર, ભગવાનભાઈ બંધુ, આનંદભાઈ પી.ઠકકર, કનુભાઈ તૃમિવાળા,દેવચંદભાઈ એન.ઠકકર, કમલેશભાઈ રાચ્છ, નટુભાઈ લીંબાચીયા, નવીનભાઈ પ્રજાપતિ, સુભાષભાઈ ઠકકર,સંજયભાઈ બારોટ, નરેશભાઈ ડી.આચાર્ય સહિત સૌએ લોધા પરિવારને સન્માનિત કરી અતિ સુંદર આયોજન કરવા બદલ અભિનંદન સાથે અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી.

આગામી લોકસભાની ચૂંટણીના ભાગરુપે ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગની બેઠકમાં પ્રદેશના પ્રવક્તા, સહવક્તાઓ, મીડિયા - કન્વિનર, ઝોન કન્વિનર, મીડિયા ટીમના સભ્યો અને ડીબેટ ટીમના સભ્યોએ ભાગ લીધો હતો તે પ્રસંગની તસ્વીર...

આકરુન્દ ગામમાં મેરી માટી, મેરા દેશ કાર્યક્રમ યોજાયો

ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, શૈક્ષણિક સંકુલોના બાળકો જોડાયા

બાયડ, તા.૧૧

આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે મારી માટી, મારો દેશ અભિયાન હેઠળ આકરુન્દ ગ્રામ પંચાયત વિસ્તારમાં ગુરુવારે રેલી સાથે ભવ્ય કાર્યક્રમ આયોજીત થયો હતો જેમાં આકરુન્દ ગ્રામ પંચાયતના પદાધિકારીઓ સહિત શૈક્ષણિક સંકુલોના બાળકો અને કર્મચારીઓ સામેલ થયા હતા. પ્રાપ્ત જાણકારી અનુસાર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે ત્યારે દરેક ગ્રામ પંચાયત વિસ્તારોમાં મેરી માટી, મેરા દેશ કાર્યક્રમોના આયોજન થયા છે તેના ભાગરુપે આકરુન્દ ગ્રામ પંચાયત વિસ્તારમાં ગુરુવાર સવારે દેશના આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે યોજાયેલા મારી માટી, મારો દેશ અભિયાનમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય દેશમાં નાગરિકોના માતૃભૂમિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી, વીર શહીદોની વંદના અને દેશ ભાવના ઉજાગર કરવાના હેતુથી કાર્યક્રમ યોજાયો હતો જેમાં આકરુન્દ ગ્રામ પંચાયતના સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ, તલાટી કમ મંત્રી કમલેશભાઈ પ્રજાપતિ, પંચાયત સદસ્યો, શૈક્ષણિક સંકુલોના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને હોમગાર્ડ જવાનો સામેલ થયા હતા.